# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :- www.suratdeo.org

જા.નં./પ્રાથમિક જ્ઞાન સહાયક/૨૦૨૬/7613 તા.૦8-૦૬-૨૦૨૬

પ્રતિ,

અનુદાનિત પ્રાથમિક શાળાઓ તમામ,જિ-સુરત.

**વિષય** :- અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક યોજનાનાં નિયમોમાં સુધારા કરવામાં આવેલ જોગવાઈઓની જાણ કરવા બાબત.

સંદર્ભ:- ૧. શિક્ષણ વિભાગનાં સુધારા ઠરાવ ક્રમાંક:-પીઆરઈ/૧૧૨૦૨૩/પ્રા.શિ.નિ-૧૪૭/ક, તા-૦૩/૦૬/૨૦૨૬.

૨. મદદનીશ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીનાં પત્ર ક્રમાંક:- DPE/0140/06/2026, તા-05/06/2026.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે અત્રેના જિલ્લાના નિયંત્રણ હેઠળની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક યોજનાનાં નિયમોમાં ઉક્ત સંદર્ભપત્ર ૧ અને ૨થી સુધારો કરવામાં આવેલ છે. જે સુધારાની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

**બિડાણ** :- સંદર્ભપત્ર

આપનો વિશ્વાસુ

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
આવક નંબર :-
તારીખ :-
શાખા :-
સહી :-

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦' અને 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' ના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે ગુજરાત રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં 'જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)' બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૩/પ્રાશિનિ-૧૪૭/ક
૫/૭, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૦૩.૦૬.૨૦૨૬

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૦.૦૭.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૩/પ્રાશિનિ-૧૪૭/ક
(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનો તા.૨૫.૦૮.૨૦૨૫નો પત્ર ક્રમાંક : DPE/0589/08/2025

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક: (૧) મુજબ તા.૧૦.૦૭.૨૦૨૩ના ઠરાવથી તમામ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય યોગ્ય રીતે થાય અને તેમાં ખાસ કરીને મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સમાં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી અન્ય શિક્ષકોથી ભરાયેલ ન હોય તેવી જગ્યાઓ પર જ્ઞાન સહાયક મુકવા માટે જ્ઞાન સહાયક યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ પર કાયમી શિક્ષકની નિમણૂક ન થાય ત્યાં સુધી ૧૧ માસના કરારથી જ્ઞાન સહાયકને કરાર આધારિત નિમણૂક માટે ઓનલાઇન પોર્ટલ મારફતે અરજીઓ મંગાવવામાં આવે છે. પરંતુ પસંદગીના જિલ્લામાં શાળા નહિ મળવાથી, શાળા કક્ષાએ જ્ઞાન સહાયક હાજર થતાં નથી કે હાજર થયા બાદ જ્ઞાનસહાયક તરીકે છુટા થઇ જતા રહે છે. આ સ્થિતિમાં શાળામાં શિક્ષકના અભાવે બાળકોના શિક્ષણ પર અસર થાય છે અને કાયમી શિક્ષકના સ્થાને કરાર આધારિત નિમણૂક આપવા અમલમાં મુકવામાં આવેલ 'જ્ઞાન સહાયક યોજના' નો ઉદ્દેશ પૂર્ણ થતો નથી.

આ વિગતે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક:(૨)ના પત્રથી સરકારશ્રીને રજુ થયેલ જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)ના નિયમોમાં સુધારા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક: (૧) હેઠળના આ વિભાગના તા. ૧૦.૦૭.૨૦૨૩ ના ઠરાવની જોગવાઇઓ ૩(૨), ૩(૩) તેમજ ૩ (A), ૩(B), ૩(C) અને ૩(D) માં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો સુધારો કરવામાં આવે છે:

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
8923
તારીખ :-
શાખા :-

| ક્રમ | પ્રવર્તમાન જોગવાઈ | સુધારા જોગવાઈ |
|---|---|---|
| **૩. જ્ઞાન સહાયકની સેવાકીય વિગતો નીચે મુજબની રહેશે:** | | |
| ૩(૨) | **ઉમેદવારની મહત્તમ વયમર્યાદા:** (અરજીની તારીખે) ૪૦ વર્ષ | **ઉમેદવારની મહત્તમ વયમર્યાદા:** (અરજીની તારીખે) ૪૮ વર્ષ |
| ૩(૩) | **મેરીટ લિસ્ટ તૈયાર કરવાની પધ્ધતિ:** 'રાજ્ય પરીક્ષા બોર્ડ' દ્વારા લેવાયેલ TET-2 ના પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામમાં ઉર્તિણ થયેલ ઉમેદવારોના પર્સન્ટાઈલ રેન્કના આધારે. | **મેરીટ લિસ્ટ તૈયાર કરવાની પધ્ધતિ:** 'ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર' દ્વારા ધો-૧ થી ૫ માટે લેવાયેલ ટેટ-૧ અને ધો-૬ થી ૮ માટે લેવાયેલ ટેટ-૨ ના પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામમાં ઉર્તિણ થયેલ ઉમેદવારો દ્વારા મેળવેલ ગુણના આધારે. |
| **૩. માર્ગદર્શક સુચનાઓ અને શરતો** | | |
| ૩. | **A. જ્ઞાન સહાયકની નિમણૂક માટેની જગ્યાઓ**<br>'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' હેઠળ આવરી લેવાયેલ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યા હોય અથવા બે માસ કરતા વધુ સમય માટે કોઈ શિક્ષક અગાઉથી મંજૂર કરાવીને રજા પર હોય તેવા કિસ્સામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ 'જ્ઞાન સહાયક'ની યાદીની માંગણી સમગ્ર શિક્ષા કચેરીએ કરવાની રહેશે. | **A. જ્ઞાન સહાયકની નિમણૂક માટેની જગ્યાઓ :**<br>i. 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' હેઠળ આવરી લેવાયેલ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ નોન-SOE (સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ) શાળા અને અનુદાનિત પ્રાથમિક શાળામાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યા હોય અથવા બે માસ કરતા વધુ સમય માટે કોઈ શિક્ષક અગાઉથી મંજૂર કરાવીને રજા પર હોય તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ ખાલી જગ્યા 'જ્ઞાન સહાયક' નિમવા માટે જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાની સંખ્યા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને મોકલી આપવાની રહેશે. (શિક્ષણ વિભાગના તા.૧૫.૦૭.૨૦૨૪ ના પત્રથી નોન-SOE શાળામાં જ્ઞાન સહાયકની નિમણૂક કરવા મંજુરી આપવામાં આવેલ છે.)<br>ii. ખાલી જગ્યાઓની સંખ્યા મધ્યેથી જગ્યાઓની જિલ્લાવાર સપ્રમાણ વહેંચણી કરી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા જ્ઞાન સહાયકની નિમણૂક માટેની આગળની કાર્યવાહી અર્થે સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે. |
| | **B. જ્ઞાન સહાયકની શાળા ફાળવણીની પ્રક્રિયા:**<br>i. સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર દર વર્ષે જ્ઞાન સહાયકો પાસેથી કામગીરી લેવાની છે તેવી શાળાઓની ખાલી જગ્યાની યાદી પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે અને જે જ્ઞાન સહાયક અગાઉના વર્ષે જે શાળામાં | **B. જ્ઞાન સહાયકની શાળા ફાળવણીની પ્રક્રિયા:**<br>(હાલની જોગવાઈઓ રદ્દ કરી નીચેના મુદ્દાઓ ઉમેરવામાં આવે છે.)<br>i. સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓની સંખ્યાની વિગતો મેળવી તેવી શાળાઓની ખાલી જગ્યાઓની સંખ્યાની વિગતો પોર્ટલ પર પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી ઉક્ત જગ્યાઓ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવાની રહેશે.<br>ii. ધો-૧ થી ૫ માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર' દ્વારા લેવાયેલ ટેટ-૧ અને ધો-૬ થી ૮ માટે |

| | | |
|---|---|---|
| | હતા તે શાળા પસંદ કરે તો અગ્રિમતા આપવાની રહેશે.<br>ii. 'રાજ્ય પરીક્ષા બોર્ડ' દ્વારા લેવાયેલ TET-2 ના પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામમાં ઉત્તિર્ણ ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકશે અને આ શાળાઓ પૈકી તેઓ કઈ શાળામાં/શાળાઓમાં 'જ્ઞાન સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઈન (Online) આપશે.<br>iii. ત્યારબાદ સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગરએ પર્સન્ટાઇલ રેન્કના આધારે Merit cum Preference ના આધારે શાળાવાર જ્ઞાન સહાયકની યાદી તૈયાર કરી જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારી મારફત 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC)ને મોકલી આપશે.<br>iv. જે યાદી મળ્યેથી સંબંધિત 'શાળા વ્યવસ્થાપન સમિતિ'એ ફાળવેલ ઉમેદવાર સાથે કરાર કરી તેમને જે તે શાળામાં 'જ્ઞાન સહાયક' તરીકે રાખવાના રહેશે.<br>v. જે તે વર્ષે જ્ઞાન સહાયક માટે જાહેરાત આપવામાં આવે તેનાથી પાંચ વર્ષ પહેલાં TET-2 પરીક્ષા પાસ કરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહીં. | ટેટ-૨ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકશે.<br>iii. ઓનલાઇન અરજીમાં જે જિલ્લામાં જ્ઞાન સહાયક તરીકે જવા માંગતા હોય તેવા એક જિલ્લાને પસંદગી આપવાની રહેશે.<br>iv. ત્યારબાદ સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા ઓનલાઇન પોર્ટલ પર અરજી કરનાર ઉમેદવારોએ ટેટ-૧ અને ટેટ-૨ પરિણામમાં મેળવેલ ગુણના આધારે ધો-૧ થી ૫ અને ધો-૬ થી ૮ માટેની જિલ્લાવાર મેરીટ યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે.<br>v. સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા પોર્ટલ પર પ્રસિધ્ધ કરેલ જિલ્લાવાર મેરીટ યાદી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા-પ્રોજેક્ટ કો ઓર્ડિનેટરશ્રી/ શાસનાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.<br>vi. સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા નિયત કરવામાં આવેલ તારીખે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા-પ્રોજેક્ટ કો ઓર્ડિનેટરશ્રી/શાસનાધિકારીશ્રીએ જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર (પોર્ટલ પર દર્શાવવામાં આવેલ કુલ ખાલી જગ્યાઓ પૈકી) જિલ્લાવાર મેરીટ યાદી મુજબના ઉમેદવારોને ક્રમાનુસાર શાળા પસંદગી કરાવવાની રહેશે.<br>vii. શાળા પસંદગી કરાવતી વખતે ધો-૧ થી ૫ માં ખાલી જગ્યા પર ટેટ-૧ પાસ ઉમેદવાર અને ધો-૬ થી ૮ માં ખાલી જગ્યા પર ટેટ-૨ પાસ ઉમેદવારને તેમના વિષયની ખાલી જગ્યા પર શાળા પસંદગી કરાવી ફાળવણી કરવાની રહેશે.<br>viii. જિલ્લાવાર મેરીટયાદી મુજબ જો ધો-૧ થી ૫ માટે ટેટ-૧ પાસ ઉમેદવાર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોય અને ધો-૬ થી ૮ માટેની ટેટ-૨ પાસ ઉમેદવારોની યાદીમાં ઉમેદવારો ઉપલબ્ધ હોય તો ધો-૧ થી ૫ માટેની ટેટ-૧ પાસ ઉમેદવારની યાદી પૂર્ણ થયા બાદ ટેટ-૨ પાસ ઉમેદવારને ધો-૧ થી ૫ માં ફાળવી શકાશે. તે જ પ્રમાણે ધો-૬ થી ૮ માં ટેટ-૨ પાસ ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો જ ટેટ-૧ પાસ ઉમેદવાર ફાળવી શકાશે.<br>ix. શાળા પસંદગી મુજબ જે શાળા ફળવાયેલ હોય તો તે શાળાની સંબંધિત 'શાળા વ્યવસ્થાપન સમિતિ'એ ફાળવેલ ઉમેદવાર સાથે કરાર કરી તેમને જે તે શાળામાં 'જ્ઞાન સહાયક' તરીકે રાખવાના રહેશે.<br>x. પોર્ટલ પર દર્શાવવામાં આવેલ જિલ્લાવાર કુલ ખાલી જગ્યાઓ પર શાળા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયા |

| | | |
|---|---|---|
| | | બાદ મેરીટ યાદીના બાકી રહેલ ઉમેદવારોને પ્રતિક્ષા યાદીના ઉમેદવાર તરીકે ગણવાના રહેશે.<br>xi. જે જિલ્લામાં પોર્ટલ પર દર્શાવવામાં આવેલ કુલ ખાલી જગ્યાઓ પૈકી જે જિલ્લામાં પુરતા ઉમેદવાર ન મળે તેવી સ્થિતિમાં સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા સામાન્ય તબક્કા મારફતે નવેસરથી અરજીઓ મંગાવવાની રહેશે.<br>xii. પ્રથમ તબક્કામાં જે તે જિલ્લાની પ્રતિક્ષા યાદીમાં પસંદગી પામેલ જ્ઞાન સહાયક ઉમેદવાર સામાન્ય તબક્કામાં ભાગ લેવા માંગતા હોય તો સંબંધિત જિલ્લાની પ્રતિક્ષા યાદીમાંથી નામ કમી કરાવવાનું રહેશે તેમજ તે અંગેનું સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.<br>xiii. જિલ્લામાં કોઇ શિક્ષકની નિવૃતિ, શિક્ષિકા પ્રસુતિની રજા કે લાંબી રજા પર જાય, જિલ્લા ફેર/જિલ્લા આંતરિક બદલીથી કે સી.આર.સી/બી.આર.સી પ્રતિનિયુક્તિ પર જવાથી શાળામાં જગ્યા ખાલી પડે તેવી સ્થિતિમાં જિલ્લાની જ્ઞાન સહાયકની પ્રતિક્ષા યાદીમાં ખાલી પડેલ જગ્યા પર ક્રમાનુસાર શાળામાં નિમણૂક આપવાની રહેશે. પરંતુ આ જગ્યાઓ સપ્રમાણ વહેંચણીથી ફાળવી હોય તેથી વધે નહીં તે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જોવાનુ રહેશે.<br>xiv. આવી ખાલી પડેલ જગ્યા પર પ્રતિક્ષા યાદી પૈકીના જ્ઞાન સહાયકને તક આપતાં પહેલાં શાળામાં કાયમી શિક્ષકની નિમણૂક કે નિયમિત શિક્ષક હાજર થવાથી જ્ઞાન સહાયકને છુટા કરવામાં આવેલ હોય તો આવા છુટા કરવામાં આવેલ જ્ઞાન સહાયકને પ્રથમ તક આપવાની રહેશે. ત્યારબાદ પ્રતિક્ષા યાદીના જ્ઞાન સહાયકને તક આપવાની રહેશે. |
| | **C. (B) જ્ઞાન સહાયકોના કામગીરીની સમીક્ષા અને નવા કરાર કરવાની પ્રક્રિયાઃ**<br>i. સમીક્ષા કરવા માટેની 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) ના સદસ્યો ઉપરાંત જે તે ક્લસ્ટરના 'ક્લસ્ટર રીસોર્સ કો.ઓડીનેટર' (સીઆરસી) પણ સભ્ય તરીકે રહેશે. | **C. (B) જ્ઞાન સહાયકોના કામગીરીની સમીક્ષા અને નવા કરાર કરવાની પ્રક્રિયાઃ**<br>(હાલની જોગવાઇ ઉપરાંત નીચેના બે મુદ્દા ઉમેરવામાં આવે છે.)<br>iii. જ્ઞાન સહાયકને પ્રાથમિક શાળામાં ખાલી જગ્યા પર કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ હોય તે પ્રાથમિક શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસૂતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા બદલીથી કોઇ શિક્ષક હાજર થયેથી કે અગિયાર માસ માટે, બેમાંથી જે વહેલું હોય તેટલા સમય માટે કરાર કરવાનો રહેશે.<br>iv. સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કામગીરી માટે રાખવામાં આવનાર જ્ઞાન સહાયકની જગ્યા |

| | | |
|---|---|---|
| | ii. સમીક્ષાના અંતે જ્ઞાન સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. તેઓએ નવેસરથી અરજી કરવાની રહેશે.<br>જે જ્ઞાન સહાયક સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવી શકશે નહીં તેઓ ત્યાર પછીના એક વર્ષ સુધી જ્ઞાન સહાયક માટે અરજી કરી શકશે નહીં. | પર નિયમિત રીતે નવી નિમણૂકથી કે બદલીથી કે ફાજલ નિમણૂકથી કોઈ શિક્ષક આવે તો આ જ્ઞાન સહાયકને છૂટા કરવાના રહેશે. |
| 3. | **D. જ્ઞાન સહાયકોને અન્ય શાળામાં ફાળવવા માટેની પ્રક્રિયાઃ** | **D. રદ કરવામાં આવે છે.** |

આ વિભાગના તા.૧૦.૦૭.૨૦૨૩ અને તા.૨૨.૦૯.૨૦૨૩ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની ઇ-ફાઇલ ક્રમાંક: ED/KEF/e-file/3/2023/0106/K પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશકુમાર ડાંખરા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૬/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.

જાણ સારુ.

**મદદનીશ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી**
**ગુ.રા. ગાંધીનગર**

**પ્રતિ,**

- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી- તમામ**
- **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ**
- **શાસનાધિકારીશ્રી-તમામ**

Signature Not Verified
Signed by:Urmilaben Manubhai Patel
Assistant Director
Date:2026.06.05 10:53:17 +5:30